**કૃષિ સંશોધન કેન્દ્ર અને તાલીમ કેન્દ્ર, જબુગામ ખાતે ખેડૂત તાલીમ કાર્યક્રમ અને એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત અડદ બીયારણ કીટ વિતરણ કરવામાં આવ્યું**

કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામ ખાતે તારીખ ૨૨ અને ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બે દિવસીય તાલીમ કાર્યક્રમ અને એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત અડદ (શ્યામલ) જાતનું બીયારણ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં બોડેલી, પાવી જેતપુર, કદવાલ, કવાંટ, છોટાઉદેપુર તાલુકાના વિવિધ ૧૭ ગામના ૧૫૪ જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

સદર કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી અને યુનિટ વડા ડૉ. જે. બી. પટેલ સાહેબે પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું અને કેન્દ્ર ખાતે ચાલતા વિવિધ સંશોધન કાર્યો અને બિયારણ ઉત્પાદન વિશેની માહિતી આપી. ત્યારબાદ ડૉ. સંજય એન. મકવાણાએ કઠોળ પાકોમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ વિષે વિગતવાર સમજાવ્યું. ડૉ. ભૂમિ વિરડીયાએ કઠોળ પાકોમાં બિયારણની અગત્યતા વિષે ખેડૂતોને માહિતગાર કર્યા, ડૉ. એન. જે. દેશમુખએ કઠોળ પાકોમાં જીવાત અને રોગ નિયંત્રણ વિષે સમજાવ્યું, ડૉ. જી. એલ. કદમએ કઠોળ પાકોની આધુનિક ખેતી પદ્ધતિ વિષે ખેડૂતોને માહિતગાર કર્યા, કુ. રાધિકા વાળાએ હવામાનની કઠોળ પાકો ઉપર અસરો વિષે માહિતી આપી. ત્યારબાદ ડૉ. વિપુલ એન. રૈયાણીએ ખેડૂતોને કેન્દ્રના સંશોધન ફાર્મની મુલાકાત કરાવી અને કાર્યક્રમના અંતે જમણવાર કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો. સદર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. સંજય એન. મકવાણા અને કેન્દ્રના અન્ય સ્ટાફ મિત્રોએ કર્યું હતું.










AAU
Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur
કૃષિ સંશોધન કેન્દ્ર અને તાલીમ કેન્દ્ર
કૃષિ મહાવિદ્યાલય,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
જબુગામ- ૩૯૧૧૩૫
એડોપ્ટીવ ટ્રાયલ અંતર્ગત
કીટ વિતરણ કાર્યક્રમ અને પાક પરિસંવાદ
તારીખ: ૨૨/૦૧/૨૦૨૬
સ્થળ: જબુગામ
પાકનુ નામ: અડદ (શ્યામલ)